
**વડીલોને વંદન**
**અભિનંદન**
આજે જન્મદિવસ



દિલીપસિંહજી એસ. રાઓલ
(૧૯૪૫) મો.૯૪૨૮૯૫૭૧૭૨

## બાવળા નજીક સ્થપાશે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હબ

અમદાવાદ જિલ્લા બાવળા નજીક રૂપિયા ૩૫૦૦ કરોડના મૂડીરોકાણવાળા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હબ પ્રોજેકટનું આજે પ્રદીપ ઓવરસીઝ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. બાવળા નજીક આવેલા ભામસરા ગામ પાસે ૧૮ લાખ ચો.વાર જમીન પર બે વર્ષમાં આ પ્રોજેક્ટ પુરો કરવામાં આવશે.

### કેન્દ્રીય ચૂંટણી પંચ સાથે અધિકારીની બેઠક યોજાઇ

# ચૂંટણી આચારસંહિતાની સાથે કોઈ પણ બાંધછોડ નહીં કરાય

### રાજ્યમાં ૧૬ જેટલા કોમી છમકલાં અને જાતિ સંઘર્ષના બનાવો અંગે પંચે અધિકારીઆની પાસેથી વિગતો મેળવી

અમદાવાદ, તા. ૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી અધિકારી વિનોદ ઝૂત્સી ગુજરાતની મુલાકાત આવ્યા છે. તેમણે આજે અમદાવાદમાં એનેક્સી ખાતે ચૂંટણી પંચના અધિકારીઓ, જિલ્લા કલેકટરો, પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજીને જરૂરી માર્ગદર્શન આપીને આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ કરવાની તાકિદ કરી હતી. આ ઉપરાંત રાજયના ૧૬ જેટલા સ્થળોએ કોમી છમકલાઓ અને જાતિ સંઘર્ષના બનાવો અંગેની વિગતો પણ મેળવી હતી.

કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી અધિકારી વિનોદ ઝૂત્સી, મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનીતા કરવાલ, અધિક નિર્વાચન અધિકારી સંજીવકુમાર, ડૉ. મુરલી ક્રિષ્ણા તેમજ તમામ મહાનગરોના પોલીસ કમિશનરો, જિલ્લા પોલીસ અધિક્ષકો અને જિલ્લા કલેકટરોની મળેલી આ બેઠકમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ કરવા અને એમાં કોઈપણ પ્રકારની બાંધછોડ નહીં કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. ચૂંટણી પંચની સૂચના મુજબ દરેક જિલ્લામાં પેઈડ ન્યૂઝ તેમજ મિડીયા પ્રમાણિકરણ અને દેખરેખ સમિતિઓની રચના કરવામાં આવી છે.

આ ઉપરાંત ચૂંટણીમાં કાળા નાણાને રોકવા માટે દરેક જિલ્લામાં ફલાઈંગ સ્કવોર્ડ રચવામાં આવી છે. આજની બેઠકમાં તમામ જિલ્લાઓનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું છે.

કેટલાક જિલ્લા અધિકારીઓએ પોતાને જે પ્રશ્નો નડી રહ્યા છે તે અંગે ચૂંટણી પંચનું માર્ગદર્શન પણ માગ્યું હતું. રાજ્યમાં તાજેતરમાં જ ૧૬ જેટલા સ્થળોએ કોમી સંઘર્ષ અને જાતિ અથડામણના બનાવો બન્યા હોવાથી પંચે સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી. તેમજ આદર્શ આચારસંહિતામાં કોઈપણ પ્રકારની બાંધછોડ નહીં કરવાની તાકીદ પણ કરવામાં આવી હતી.



વરસોડા ગામના રહેવાસી અજય ડી ચાવડા દ્વારા પુરુષોત્તમ માસના અંત ભાગમાં વડીલ ગ્રામજનોને અક્ષરધામ મંદિરનાં દર્શન માટે લઈ જવામાં આવ્યા હતા. (તસવીર : દિપક જાની)

## ઈંગ્લેન્ડના કેન્સર નિષ્ણાત તબીબો ગુજરાતના રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટ એન્ડ કેન્સર હોસ્પિટલ દ્વારા 'હેમેટો-ઓન્કોલોજી'ના નિરંતર તબીબી શિક્ષણ ઉપર અમદાવાદમાં આયોજિત કોન્ફરન્સમાં ભાગ લેવાં આવેલા ઈંગ્લન્ડના કેન્સર રોગના વિશેષજ્ઞ તબીબોએ આજે રાજભવન ખાતે ગુજરાત રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજયપાલશ્રી સાથેની ડેલિગેશનની મુલાકાત દરમિયાન કેન્સર હોસ્પિટલના ડૉ. પંકજ શાહે હેમેટો-ઓન્કોલોજીના નિરંતર તબીબી શિક્ષણ માટે ઈંગ્લેન્ડની બે યુનિવર્સિટીઓની હોસ્પિટલોના કેન્સર તબીબો તથા ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટના તબીબો વચ્ચે સંશોધનો, ચિકિત્સા-નિદાન તથા તાલીમ સંબંધમાં આદાન-પ્રદાન માટે રચાયેલા ફોરમની વિગતો આપી હતી. ઈન્સ્ટિટયુટના નિયામક ડૉ. શિલિન શુકલે રાજયપાલશ્રીને ડેલિગેશનના સભ્યોનો પરિચય આપ્યો હતો.

ઈંગ્લન્ડના તબીબો ડૉ. ચાર્લી ક્રેડોક, ડૉ. ડેનિયલ હોકસુર, પ્રો. ડૉ. સ્ટિવન મેકીનોન, પ્રો. ડૉ. અતુલ મહેતા, ડૉ. પરેશ વ્યાસ તથા ગુજરાત કેન્સર હોસ્પિટલના ડૉ. કીર્તિ પટેલ, ડૉ. ભરત પરીખ, ડૉ. ભાવેશ પારેખ, ડૉ. આશા આનંદ ઉપરાંત અન્ય તબીબો ઉપસ્થિત રહ્યા હતાં.



ખાનગી પેટ્રોલ પંપ દ્વારા સોમવારથી પેટ્રોલ વેચાણ માટેનો સમય દિવસે ૧૦થી ૬ દરમ્યાનનો કરી દેતાં પાલનપુરમાં પેટ્રોલ-ડીઝલ મેળવવા માટે વાહનચાલકોને લાંબી કતારમાંથી પસાર થવું પડ્યું હતું. અનેક વાહનચાલકોએ આ મજબૂરી સામે અસંતોષની લાગણી વ્યક્ત કરી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## બનાવટી પોલીસે મહિલાનું અપહરણ કરી લૂંટ ચલાવી

અમદાવાદ, તા. ૧૫

નરોડાનાસૈજપુર બોઘા વિસ્તારમાં નકલી પોલીસે મહિલાનું અપહરણ કરી બે લાખ રૂપિયાની લૂંટ ચલાવી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

વિગત એવી છે કે નરોડામાં આવેલા સૈજપુર બોઘા ખાતેની ગાયત્રીનગર સોસાયટીમાં મમતાબેન ધર્મેન્દ્રકુમાર ત્રિવેદી રહે છે. ગત તા. ૧ના રોજ મમતાબેન સૈજપુર બોઘાથી પસાર થતા હતા ત્યારે એક કારચાલક આવ્યો હતો અને તું ગેસ્ટહાઉસમાં જાય છે. પોલીસ કેસ કરવો પડશે કહી મમતાબેનને કારમાં બેસાડી દીધા હતા. બાદમાં મમતાબેનને તેમના ઘરે લઈ ગયો હતો. અને ઘરની તિજોરીમાં રાખેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી બે લાખની લૂંટ કરી હતી. દરમિયાનમાં આ અંગે તેમણે નરોડા પોલીસને જાણ કરી હતી. આ અંગે ગઈકાલે નરોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે અનેક દિવસો બાદ આ મામલે ફરિયાદ નોંધાતા અનેક પ્રશ્નો ઉભા થયા છે. આ અંગે નરોડા પોલીસે ગુનો નોંધી બનાવટી પોલીસકર્મીની શોધખોળ હાથ ધરી છે.

# નવરાત્રી : રાજકીય આગેવાન નાગરિક તરીકે જોડાઈ શકે છે

### નવરાત્રી ઉજવણીનો રાજકીય મંચ તરીકે ઉપયોગ કરી શકાશે નહીં : ચૂંટણી પંચે ફરી એકવખત કરેલી સ્પષ્ટતા

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું છે કે ભારતના ચૂંટણી પંચે નવરાત્રી ઉજવણી અને તેમાં કરવામાં આવતી આરતી ઉપર પ્રતિબંધ લાદ્યો નથી. નવરાત્રી ઉજવણી અને આરતીમાં રાજકીય નેતાઓ અને સંભવિત ઉમેદવારો એક સામાન્ય નાગરીક તરીકે ભાગ લઈ શકશે. જો કે આ પ્રકારની ઉજવણીનો ચૂંટણી પ્રચારનાં મંચ તરીકે તેઓ ઉપયોગ કરી શકશે નહીં. નવરાત્રી અને આરતીનો ચૂંટણી પ્રચારના મંચ તરીકે ઉપયોગ એ રીલીઝીયસ ઈન્સ્ટીટ્યુશન એક્ટ ૧૯૮૮ની જોગવાઈઓનો ભંગ થતો હોઈ, આવી જગ્યાનો ચૂંટણી પ્રચારના મંચ તરીકે ઉપયોગ કરી શકાશે નહીં. એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. નવરાત્રી ઉજવણી કરતી સંસ્થાઓ માટેની ભારતીય ચૂંટણી પંચની માર્ગદર્શિકાઓનો ઉલ્લેખ કરતા મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું કે રાજકીય નેતાઓ અને સંભવિત ઉમેદવારો તેમના અતિથિવિશેષ પદે નવરાત્રીના કાર્યક્રમો રાખી શકશે નહીં.

આ પ્રકારના ફોરમ અને સ્થળ ઉપર કોઈપણ રાજકીય પક્ષ દ્વારા પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક્સ કે ડિજીટલ ફોર્મનો ઉપયોગ કરી પ્રચાર સાહિત્યનું વિતરણ કરી શકાશે નહીં. અન્યથા ચૂંટણી આચારસંહિતા સંબંધી કાયદા અને નિયમો અનુસાર તેમની સામે ચૂંટણી પંચ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાશે એમ મુખ્ય નિર્વાચન અધિકારીએ ઉમેર્યું હતું. શ્રીમતી કરવલે કહ્યું કે ભારતની વડી અદાલતના ચૂકાદા અનુસાર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૨ અન્વયે રાજકીય પક્ષો તેમના ચૂંટણી પ્રચાર માટે લાઉડ સ્પીકરનો સવારે ૬.૦૦થી રાતના ૧૦.૦૦ વાગ્યા સુધી જ ઉપયોગ કરી શકશે.

### લડતને આગળ ધપાવીશ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પ્રયત્ન કર્યો તો તેને ન્યાય આપવાને કે મને કોઈ કાર્યકરોને સાંભળવાનો બદલે શિસ્ત સમિતિને મારી વાત સોંપવાની જે વાત કરી છે તે જાણી આશ્ચર્ય અને દુ:ખની લાગણી કાર્યકરો સમક્ષ ઉભી થઈ છે.

અગાઉના પત્ર દ્વારા જે વાત કરી હતી તે આ ચૂંટણીને ધ્યાને લઈને નહી, પરંતુ પણ અને ગુજરાતના હિતમાં જનરલ કાર્યકરોના હીતની વાત કરી હતી.

ગાંધીનગર જિલ્લાના પ્રશ્નો સૌ સાથે મળી ઉકેલીશું. ગાંધીનગરની આમ જનતા અને કાર્યકરોનાં હિત માટેની સાચી વાત હંમેશા કોઈનો ડર રાખ્યા વગર કરતો રહીશ.

હવે પછી ગુજરાતના સ્વચ્છ રાજકારણમાં એમાંય જે જિલ્લામાં રાજકીય બદીઓ વધી ગઈ છે તે દુર નહી થાય ત્યાં સુધી મારી રાજકીય ન્યાયીક લડત ચાલુ રહેશે. જરૂર પડે આ માટે ટુંક સમયમાં એક સમિતિની રચના પણ કરવામાં આવશે. જે સમિતિ દ્વારા જિલ્લાની સાથે સાથે સમગ્ર રાજ્યમાં તમામ કચરો સાફ કરશે. અને આ માટે મોટા ભાગના કાર્યકરો અને આગેવાનોએ મને જે સહકાર આપવાની ખાત્રી આપી છે. અને જરૂર પડે બધાએ ખુલીને બહાર આવવાની ખાત્રી પણ આપી છે.

### સ્વચ્છતાવા મામલે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સહિતની જવાબદારી જે સરકારના તાંત્રિક વિભાગને સોંપવામાં આવી હતી તેમાં થયેલી કામગીરી અંગે પણ વિશદ ચર્ચા વિચારણા કરવામાં આવશે.

જાણકાર સૂત્રોના જણાવ્યાનુસાર ૧લી જાન્યુઆરીથી શહેરમાં ડોર ટુ ડમ્પીંગ પ્રોજેકટ કાર્યાન્વીત થાય તે રીતે આ પ્રોજેકટના આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવશે. શહેરની સ્વચ્છતા જાહેર સ્વચ્છતા ઉપરાંત સેકટરોની આંતરિક સફાઈ તેમજ ડોર ટુ ડોર કલેકશનના મુદ્દે ગંભીર ચર્ચાઓ થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

લેન્ડફિલ સાઈટ ડેવલપ કરવાની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોવાનો રોષ પણ સભ્યો વ્યકત કરે તો નવાઈ નહિ તેમ જાણકાર સૂત્રોનું કહેવું છે.

ગાંધીનગર મનપાની સ્ટેન્ડીંગ કમિટીની દરેક બેઠકમાં સભ્યો દ્વારા સ્વચ્છતાના મુદ્દે ઉગ્ર તડાપીટ બોલવામાં આવે છે પણ તંત્ર દ્વારા જે કામગીરી થવી જોઈએ તેને લઈ જે ઉદાસીનતા સેવવામાં આવે છે તેનો રોષ પણ સભ્યો વ્યકત કરે તેવી સંભાવનાઓ છે.

હવે દિપાવલીનું પર્વ નજીક આવી રહ્યું છે અને ચોમાસાએ પણ વિદાય લઈ લીધી છે ત્યારે શહેરમાં સફાઈની કામગીરી સઘન બનાવવા પર આ બેઠકમાં ભાર મુકવામાં આવશે.

આ મુદ્દે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલને પુછતાં તેમણે જણાવ્યું હતું કે ડોર ટુ ડમ્પીંગ પ્રોજેકટના અમલીકરણમાં થયેલ પ્રગતિની સમીક્ષા આ બેઠકમાં થશે અને સ્વચ્છ શહેર બનાવવાના અમારા સંકલ્પને અમે દોહરાવીએ છીએ.

### મારે આંગણે પધારશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કરાઈ રહી છે. ગરબા ગાઉન્ડ પર જયાં ખૈલેયા રમે છે ત્યાં મેદાનને સમથળ બનાવી પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે, માતાજીના મંદિર અને સમગ્ર ગ્રાઉન્ડને લાઈટીંગથી સજાવી તેનું ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યું છે. ગરબાનું આયોજન શાંતિપૂર્ણ પરિસ્થિતિમાં થાય તે હેતુથી પોલીસ અધિકારીઓ સાથેની બેઠકમાં પણ આયોજકો ભાગ લઈ રહ્યા છે. સિક્યોરીટી ગાર્ડ, કૅમેરા જેવી વ્યવસ્થાની ચકાસણી થઈ રહી છે. સાઉન્ડ સિસ્ટમ અને લાઈટીંગની વ્યવસ્થામાં કોઈ ખામી ન રહે તેનું ચૅકિંગ કરવામાં આવી રહ્યું છે.

સેકટરોમાં યોજાતાં ગરબાઓનું આયોજન કરતાં મંડળોના સભ્યો પણ સતત ગ્રાઉન્ડ પર હાજર રહી તૈયારીઓ પર નજર રાખી રહ્યાં છે. નાના બાળકો ગબ્બર બનાવી તેની સજાવટ કરી રહ્યાં ચે.

ગરબાનું સૌથી મહત્ત્વનું અંગ એવું ખૈલેયાઓએ ડ્રેસ અને ઑર્નામેન્ટ્સની તૈયારીઓ તો કરી લીધી છે, પરંતુ તેઓ હવે પાસ મેળવવાની પળોજણમાં પડ્યા છે. ગાંધીનગર ઉપરાંત અમદાવાદનાં વિખ્યાત પાર્ટી પ્લોટના પાસ માટે ખૈલેયાઓ દોડાદોડ કરી રહ્યાં છે.

નવરાત્રીના દિવસો દરમિયાન જેઓ ઉપવાસ રાખે છે. તેઓએ પણ પૂજા - ઉપાસનાની સામગ્રીની ખરીદી તેજ બનાવી છે. સરકારી કચેરીઓમાં પણ નવરાત્રીનો ઉલ્લાસ જોવા મળી રહ્યો છે. નવરાત્રી દરમિયાન ઘણી સરકારી કચેરીઓમાં દરરોજ આરતી થાય છે અને કેટલાક દિવસો દરમિયાન ગરબાઓનું આયોજન થાય છે. કચેરીઓમાં તેની તૈયારીઓ ફાળો ઉઘરાવી શરૂ કરી દેવાઈ છે. આગામી અઠવાડિયા દરમિયાન ગરબા, સંગીત અને ખૈલેયાઓની અવરજવરથી ગાંધીનગરની રાત્રીઓમાં જીવંતતા આવી જશે.

### ● મનપાની સામાન્ય સભા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આવ્યા છે તેને જાણમાં લઈ બહાલી આપવામાં આવનાર છે.


ખાસ કરીને સભા સંચાલનમાં પ્રશ્નોત્તરી, ઝીરો અવરને લગતી બાબતોનો જે અગાઉની મંજૂરીમાં સમાવેશ નથી કરાયો તેનો સમાવેશ આ સુધારા મંજૂરીમાં કરવામાં આવ્યો છે. આથી હવે સભ્યોને પ્રશ્નો પુછવા માટે તેમજ ઝીરો અવરની ચર્ચા વિગેરે બાબતે હક્ક મળશે.

મળતી વિગતો પ્રમાણે આ નિયમોમાં સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવા સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કાર્યમોકુફ રાખવા અંગે પણ નિયમોમાં જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત કોર્પોરેશનની કામગીરીના નિયમન અંગેના નિયમોને પણ બહાલી આપવાની બાબત આજ એજન્ડા સાથે વણી લેવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ બે મહિને આ બેઠક મળી રહી હોવાથી વિપક્ષ ભાજપ પણ મળેલી આ તકનો કેવો ઉપીયોગ કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. આજે સભ્યોને આ અંગેના એજન્ડા પાઠવી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

## શબ્દાવલી - ૪૮૭૨



**આડી ચાવી**

૧. વિદ્યાપીઠ, વિશ્વવિદ્યાલય (૫)
૫. પાર્વતી, ઉમાનું એક નામ (૨)
૭. ધૈર્યતા (૩)
૮. બારીક તપાસ કે શોધ (૪)
૯. પાકુ, ઘીમાં પકવેલું (૨)
૧૦. રજૂ કરવું તે (૪)
૧૪. અનાદર, ધિક્કાર (૪)
૧૫. મોટાઇ, મહત્તા (૩)
૧૬. મોકો (૨)
૧૭. એક નાનકડું પક્ષી (૩)
૧૯. અર્જુન (૨)
૨૦. મન સંબંધી (૩)
૨૧. નાડી, રક્તવાહિની (૨)

**ઊભી ચાવી**

૧. પાંડવમાં મોટાભાઈ (૪)
૨. પાણી, જળ (૨)
૩. એક પ્રકારની વનસ્પતિ (૨)
૪. શરારત, મજાક-મશ્કરી (૩)
૫. રક્ષણ હોવું તે (૩)
૬. નશો ચડાવે તેવું (૩)
૧૧. આશીર્વાદ આપતા વચનો (૫)
૧૨. જહન્નમ, નર્ક (૩)
૧૩. બીજાના અર્થે કરાતું સારૂં કામ (૪)
૧૪. પતંગિયા જેવા નાના જીવડા (૩)
૧૫. ગાયને... પણ કહેવાય (૨)
૧૮. સાર, સત્વ (૨)
૧૯. નાપાસનું વિરોધી (૨)

**શબ્દાવલી ૪૮૭૧ના જવાબ**

**આડી ચાવી :-** (૧) પ્રભાત (૪) પ્રસવેદ (૭) વિતકકથા (૯) રામ (૧૦) વાજ (૧૧) રોનક (૧૨) મદીરા (૧૩) વાદી (૧૪) મેજર (૧૬) કરાર (૧૮) કળશ (૧૯) લટ (૨૧) લાય (૨૨) કબર

**ઊભી ચાવી :-** (૧) પ્રવિણ (૨) ભાત (૩) તકવાદી (૪) પ્રથા (૫) વેરાન (૬) દમકદાર (૮) કજરાળી (૧૧) રોજમેળ (૧૨) મદીરાલય (૧૩) વાક (૧૫) રટ (૧૮) કસબ (૨૦) દંડ

**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.**
સેક્ટર-૧૩, ગાંધીનગર. ફોન નં. : ૦૭૯-૨૩૨૪૧૭૧૨
**ટેન્ડર જાહેરાત**
**કેમ્પસના મેદાનની સફાઈના કામ અંગે**
નિગમના કેમ્પસમાં આવેલ મેદાનને જે.સી.બી. મશીનથી સાફ કરવાનું થાય છે. આ કામના જાણકાર અને અનુભવી વ્યક્તિઓ પાસે આ કામનું નિરીક્ષણ કરીને નિયત ટેન્ડરમાં જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ બંધ કવરમાં તા. ૨૩-૧૦-૨૦૧૨ સુધીમાં મળે તે રીતે અત્રેની કચેરીને પહોંચતા કરવા આથી જણાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડર રૂ. ૧૦૦/-ની ફી કચેરી સમય દરમિયાન ભરીને તા. ૨૨-૧૦-૨૦૧૨ સુધીમાં મેળવી શકાશે.
**- મેનેજીંગ ડીરેક્ટર**

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો
એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ,
સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે,
ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

વળતર... વળતર વળતર...
નવરાત્રી, ગાંધી જયંતિ અને દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાયટી નવા સ્ટોક સાથે
સ્પે. ઓફર 20% ડિસ્કાઉન્ટ
પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ટેરી ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ટુવાલ, લુંગી, આશનપટા, શેતરંજી, ચોરસા, સોફાબેક, ડ્રેસ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ
દુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ
પ્લોટ-૨૧૭, દુ.નં.૧૪, શાકમાર્કેટ પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : ૨૩૨૩૦૩૧૦
રવિવારે શો-રૂમ ચાલુ છે